કોંગ્રેસ જીતવાની ઈચ્છાશક્તિ ગુમાવી બેઠી છે : અડવાણી

માત્ર વાજપાઈજી જ બેદાગ પી.એમ. : અડવાણી : ૨૦૧૪ જેવી ચૂંટણી ક્યારેય જોઈ નથી : કાર્યકરોના સંમેલનમાં મોદી-અડવાણીએ એકમેકની પ્રશંસા કરી : ગુજરાતે ૬ વખત જીત અપાવી : મોદી પી.એમ.ના ઉમેદવાર

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાંથી ભાજપના રાષ્ટ્રીય નેતા એલ.કે. અડવાણીએ આજે ઉમેદવારીપત્ર ભર્યુ હતુ. આ પૂર્વે કોબા નજીક નભોઈ ખાતે તેમણે કાર્યકરોના સંમેલનમાં હાજરી આપી હતી. પક્ષના કાર્યકરોને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે ૧૬મી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ જીતવાની ઈચ્છા શક્તિ ગુમાવી બેઠી છે. મોટી પી.એમ. પદના ઉમેદવાર છે તે ગૌરવની બાબત છે. ત્યારે આગામી દિવસોમાં યુ.પી.એ.ની સરકાર રહેશે નહી. પરિવર્તન જોવા મળશે. તેમણે તેમ પણ ઉમેર્યું હતું કે ૨૦૧૪ જેવી ચૂંટણી પહેલા ક્યારેય જોઈ નથી. દેશમાં અત્યાર સુધી ૩૪ પ્રધાનમંત્રી થયા પરંતુ માત્ર વાજપાઈજી જ બેદાગ પી.એમ. રહ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગર સંસદીય બેઠકના ભાજપના ઉમેદવાર લાલકૃષ્ણ અડવાણીએ આજે કાર્યકરોના સંમેલન દરમિયાન જણાવ્યું હતું કે ભારતના સંવિધાનનો સ્વીકાર કર્યા બાદ બે વર્ષના અંતે ૧૯૫૨માં પ્રથમ ચૂંટણી થઈ હતી. ત્યારબાદ પ્રતિ ૫ વર્ષના અંતે સંસદીય ચુનાવ યોજવામાં આવે છે. તે વેળાએ કરોડો નાગરિકો અશિક્ષિત હોવાથી લોકતંત્રની સફળતા અંગે પણ મજાક થતી હતી. તેમણે ૧૯૬૨માં તેઓ પત્રકાર હતા તે વખતની વાત યાદ કરી સૈનિકોની દૂર્દશા અંગે પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે દેશમાં અત્યાર સુધી ૩૪ પ્રધાનમંત્રી થયા પરંતુ અલટબિહારી વાજપાઈ જ બેદાગ રહી શક્યા છે. ગુજરાતે ૬ વખત જીત અપાવતા બે વખત મંત્રી તેમજ એકવાર ઉપપ્રધાનમંત્રી તરીકે કામ કરવાની તક મળી હોવાનો હર્ષ પણ તેમણે વ્યક્ત કર્યો હતો. અત્યાર સુધીમાં ૨૦૧૪ જેવી ચૂંટણી ક્યારેય જોઈ નથી. આગામી દિવસોમાં

● અનુસંધાન પાન-૭ પર

ઉમેદવાર સ્થાનિક ન હોય તો પાયાના પ્રશ્નોની રજૂઆત કરવા ક્યાં જવું ?

ઈલેકશન લાઈવ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના મતદારોનું મન કળવા 'ઈલેકશન લાઈવ' અંતર્ગત અનેક મતદારોને રૂબરૂ મળી તેમના અભિપ્રાય જાણવા પ્રયાસ હાથ ધરાયો છે. મતદાતા ક્યારેક ગંભીર ચૂપકીદી સેવે છે તો ક્યારેક પોતાના દિલમાં ઉમેદવાર પ્રત્યે સેવેલી આશાઓનો ખડકલો કરી દે છે. સેક્ટર-૨૯ના કેટલાક મતદારોનો સંપર્ક કરાતા તેમણે અમારા સવાલોના રસપ્રસદ જવાબો આપ્યા હતા.

'જો અમારા મત વિસ્તારમાં આયાતી ઉમેદવાર ચૂંટાઈને આવે તો અમારે અમારા પ્રશ્નોની રજૂઆત કરવા કોની પાસે જવું ? આયાતી ઉમેદવાર મોટે ભાગે ચૂંટણી જિત્યા પછી પોતાના મતવિસ્તારમાં ડોકાતા નથી અને તેમને મળતી ગ્રાન્ટ ફક્ત તેમનું નામ જાળવી રાખવા માટે જ વાપરે છે.' આ શબ્દો છે સેક્ટર-૨૯માં રહેતા મતદાર ગનીભાઈ પટેલના. તેમણે ઉમેદવાર સ્થાનિક હોવો જોઈએ તે બાબત પર ખાસ ભાર મુક્યો હતો. આપ કયા મુદ્દાના આધારે મત આપશો તેવા સવાલના જવાબમાં ગનીભાઈએ તેમનો બળાપો ઠાલવતા કહ્યું કે તેમને કોઈ ઉમેદવાર પર વિશ્વાસ નથી, બધા ફક્ત વાયદા કરે છે અને ખોટી સોગંધ ખાય છે. તેમણે જો ઉમેદવાર સ્થાનિક હોય તો મૂળભૂત પ્રશ્નો જેવા કે રોડ-રસ્તા, પાણી, ગટરલાઈન, લાઈટ જેવી અન્ય પાયાની સુવિધાઓ બાબતે રજૂઆત કરવામાં સરળતા રહે તેવું જણાવ્યું હતું.

સેક્ટર-૨૯માં બીજા એક મતદાર મુસ્તુફા પટેલે કેજરીવાલને વડાપ્રધાન પદે જોવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમના મતે ભારતના અત્યાર સુધીના રાજકારણમાં અરવિંદ કેજરીવાલ જ એવી વ્યક્તિ છે જેને સત્તાની લાલચ નથી. જો તેમને સત્તાની લાલચ જ હોત તો તેઓ દિલ્હીના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ ન આપત તેવું તેમનું માનવું છે. વળી તેમને કેજરીવાલની વર્તણુંક પરથી જ ખરેખર સામાન્ય માનવી છે તે દેખાઈ આવે છે તેવો મત રજૂ કર્યો હતો. વધુમાં તેમણે ગુજરાતના મુખ્યમંત્રી વડાપ્રધાન બનવાની હોડમાં પ્રજાને ભુલી ગયા હોવાનો આક્ષેપ કરતા ગાંધીનગરમાં અડવાણી જનતા દરબાર કેમ યોજવામાં નથી આવતો તેવો સવાલ કર્યો હતો. તેમણે ગુજરાતમાં વેટના કારણે લાઈટબીલ પર અસર પડી છે તેમજ શિક્ષણ પણ ખૂબ મોંઘુ થયું હોવાની વાત કરી હતી.

'ઈલેકશન લાઈવ' દ્વારા વધુ મતદારોને મળી આગામી લોકસભાની ચૂંટણીઓ દરમ્યાન લોકોનો અભિપ્રાય જાણી અત્રે રજુ કરતા રહીશુ.

વધુ એક યુવાનના એટીએમમાંથી રૂપિયા ઉપડી ગયા..!

ગાંધીનગર, તા. ૫

શહેરના સે. ૨૩ ખાતે રહેતા મયુર શર્માને રાહુલ શર્માની ઓળખ આપીને કોઈ શખ્સે કોલ કર્યો હતો. મુંબઈ મુખ્ય શાખા એસબીઆઈમાંથી બોલતો હોવાનું કહીને એટીએમ કાર્ડનો નંબર અને પાસવર્ડ લઈ લીધો હતો. ગઈકાલે સાંજના અડધા કલાકના સમયગાળામાં તેમના એકાઉન્ટમાંથી તબક્કાવાર રૂ. ૧૪,૪૧૦ ઉપડી જવાની ઘટના બની છે. મયુર શર્માએ છેતરપીંડી અંગે જાણ કરવા સે. ૭ પોલીસનો સંપર્ક કર્યો છે. પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

આજે ગાંધીનગરમાં આમ આદમી પાર્ટીની બાઈક રેલી

ઉમેદવાર ઋતુરાજ મહેતાના સમર્થનમાં બાઈક અને કાર રેલી સવારે ૮.૩૦ થી શરૂ થઈ જશે

ગાંધીનગર, તા. ૫

લોકસભાની ચૂંટણીનો ગરમાવો પાટનગરમાં ધીમે ધીમે આવી રહ્યો છે. ત્યારે આમ આદમી પાર્ટીએ ગાંધીનગર બેઠકના જાહેર કરેલા ઉમેદવાર ઋતુરાજ મહેતા સમર્થનમાં આવતીકાલે રવિવારે સવારે શહેરના તમામ માર્ગો પર બાઈક-કાર રેલી નિકાળવામાં આવશે. 'આપ'ના કાર્યકરો દ્વારા સેક્ટરે સેક્ટરે રેલી ફેરવવામાં આવશે જેમાં ઉમેદવાર ઋતુરાજ મહેતા પણ હાજર રહેશે.

ભાજપના ગાંધીનગર બેઠક પરના ઉમેદવાર લાલકૃષ્ણ અડવાણીએ ઉમેદવારી નોંધાવી દીધી છે. કોંગ્રેસના ઉમેદવાર કિરીટભાઈ પટેલ અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઋતુરાજ મહેતા ૭મીએ ઉમેદવારી નોંધાવનાર છે. આમ આદમી પાર્ટી દ્વારા આવતીકાલે રવિવારે સવારે ૮.૩૦ વાગ્યાથી બાઈક અને કારની રેલી શહેરના તમામ માર્ગો પર સેક્ટરે સેક્ટરે ફરીને ફેરવવામાં આવનાર છે. તેના માટે રેલીની મંજુરી પણ મેળવી લેવામાં આવી છે. આપના ગાંધીનગર બેઠકના ઉમેદવાર ઋતુરાજ મહેતાના સમર્થનમાં રેલી નિકાળવામાં આવશે જેમાં ઉમેદવાર ઋતુરાજ મહેતા ઉપરાંત 'આપ'ના કાર્યકરો જોડાનાર છે.

સે-૧ ૩માં ૨૨૫ મકાનો સીલ કરાયા

નિકાલ હેઠળના ભયજનક મકાનોમાં શ્રમજીવીઓ વસવાટ કરતા હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી : પ્રવેશદ્વારે જ ચણતર કરી મકાનની અંદરની અવરજવર બંધ કરવા તંત્રએ સીલ કર્યા

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૫

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ વિલંબમાં પડતા આ આવાસો ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. આવા સંજોગોમાં ભયનજક આવાસોમાં શ્રમજીવીઓએ અડ્ડો જમાવ્યો હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા નિકાલ હેઠળના મકાનો સીલ કરી દેવાયા છે. સે-૧ ૩માં પણ ૨૨૫ મકાનોને સીલ કરવાનું કામ પૂર્ણ કરી દેવાયું છે.

સેક્ટરોમાં સ્થિત નિકાલ હેઠળના મકાનો ભયજનક હાલતમાં છે. આ ભયજનક મકાનો જોખમી હોવાનું સ્પષ્ટ થયા બાદ ખાલી કરાવી દેવાયા છે. પરંતુ કંગાળ હાલતમાં ભાસતા આ મકાનો પૈકી સે-૭ અને ૧ ૩માં શ્રમજીવીઓએ ડેરો જમાવ્યો હોવાનું ધ્યાને આવતા તંત્ર માટે ચિંતાનો નવો વિષય ઉભો થયો હતો. સે-૭માં બારી દરવાજા વગરના આવા મકાનોમાં મજૂર વર્ગ વસવાટ કરતો હોવાનું ધ્યાને આવતા તંત્ર કક્ષાએથી આ મકાનો ખાલી કરી અગાઉ સીલ કરી દેવાયા હતા જયારે સે-૧ ૩માં પણ નિકાલ હેઠળના મકાનોની સંખ્યા વિશેષ છે જયારે આ મકાનોમાં પણ શ્રમજીવીઓની ઘુસણખોરી થતી હોવાનું ધ્યાને આવ્યું હતું. વધુમાં નિકાલ હેઠળના ખુલ્લા મકાનોમાં અન્ય દુષણો પાંગરતા હોવાની પણ વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ સે-૭ની જેમ સે-૧ ૩માં પણ જ, જ-૧, જ-૨, ચ-૧ કક્ષાના ૨૨૫ જેટલા મકાનો સીલ કરી દેવાયા છે.

મતદાન - મહાદાન : લોકતંત્રમાં મતદાન મહાદાન છે.... જેટલું વધુ મતદાન એટલું લોકતંત્ર વધુ મજબૂત... દેશનો એક-એક નાગરિક પોતાના મતાધિકારનો ઉપયોગ કરી સ્પષ્ટ આદેશ આપે જેથી દેશમાં વિકાસ અને સ્થિરતાના ફળ ચાખી શકાય... આ વખતે મિડીયા, એન.જી.ઓ. અને ચૂંટણી પંચ સંયુક્ત રીતે મહત્તમ મતદાન માટે સહિયારો પુરુષાર્થ કરે છે... એ લોકશાહી માટે ખૂબ જ સારી નિશાની છે... આ અભિયાનને સફળ બનાવવા મતદાનના દિવસે દરેકે પોતાની આંગળી પર નિશાની કરાવવી આવશ્યક છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

વિજય સંકલ્પ સાથે ભાજપ આજે સ્થાપના દિન મનાવશે

ભાજપની સ્થાપનાને ૩૪ વર્ષ પરિપૂર્ણ : આજે ૩૫મો સ્થાપના દિવસ : વિવિધ સ્થળે ભાજપના ઝંડા લગાવાશે

ગાંધીનગર, તા.૫

ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ.કે. જાડેજાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ૧૯૮૦માં સ્થાપેયલ ભારતીય જનતા પાર્ટીને ૩૪ વર્ષ પૂર્ણ થયા છે, અને ૩૫મો સ્થાપના દિવસ આવતીકાલ ૬, એપ્રિલના રોજ સમગ્ર રાજ્ય અને રાષ્ટ્રમાં ઉજવવામાં આવશે. ભાજપના સ્થાપના દિવસની ઉજવણીની વચ્ચે યોગાનુયોગ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી યોજાનાર છે. ભાજપ આ ૩૫માં સ્થાપના દિવસની ઉજવણી ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકમાં વિજય મેળવવાના સંકલ્પ સાથે કરનાર છે. તેઓએ વધુમાં જણાવ્યું છે કે ભાજપે સમગ્ર રાજ્યમાં, ૬ એપ્રિલના સ્થાપના દિવસે "કમળ વિજયોત્સવ" તરીકે ઉજવવાનું આયોજન હાથ ધર્યું છે. ભાજપના હજારો વિસ્તારકો સવારે ૯:૦૦ કલાકથી ગામડાના સંપર્ક માટે અને બુથના સંપર્ક માટે નીકળશે. ભાજપના સમર્થકો અને કાર્યકરોના ઘર પર ભાજપના ઝંડા લગાવશે. તેમજ ઘર ઘર સંપર્ક કરીને પત્રિકાનું વિતરણ કરશે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે સમગ્ર રાજ્યમાં ભારતમાતાના ફોટો તેમજ કમળના બેનર સાથે યાત્રા કાઢવાનું પણ આયોજન હાથ ધરવામાં આવશે અને નરેન્દ્ર મોદીના પ્રવચનની સીડી પણ લોકોને સંભળાવશે. તેઓએ સ્થાપના દિવસની વિગતમાં વધુમાં જણાવ્યું છે કે, વિસ્તારક તરીકે ભાજપના તમામ સ્તરના કાર્યકરો લોકોની વચ્ચે સંપર્ક માટે જશે અને ચાય પે ચર્ચાનો કાર્યક્રમ યોજશે. ભાજપના મહિલા મોરચાની બહેનો કમળની મહેંદી લગાવવાનો કાર્યક્રમ ૬ એપ્રિલના રોજ રાજ્યભરમાં કરશે. ૬ એપ્રિલના રોજ સાંજે ૬:૦૦ કલાકે ગામડાઓમાં ઘંટારવ કરી કોંગ્રેસમુક્ત ભારત, કોંગ્રેસમુક્ત ગુજરાત માટે જનજાગરણ કરીને ગ્રામવાસીઓને સંકલ્પ લેવડાવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં પ્રાયોગિક ધોરણે પ્રથમ વખત ખર્ચ નિયંત્રણ આચારસંહિતા ભંગ માટેની સીસ્ટમનો ઉપયોગ કરાશે

ગાંધીનગર, તા.૫

ભારતના ચૂંટણી પંચ દ્વારા મુક્ત, ન્યાયી, વાતવરણમાં ચૂંટણી યોજાય તેમજ મતદારો નિષ્પક્ષ રીતે પોતાનો મત આપી શકે તથા ચૂંટણી -ક્રિયા વધુને વધુ પારદર્શક - વિશ્વસનીય બને તે માટે વખતોવખત મહત્વપુર્ણ પગલાં લઈ અમલમાં મૂકવામાં આવે છે. આ અંતર્ગત ભારતના ચૂંટણી પંચ તરફથી અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના સહયોગમાં -થમ વખત -યોગિક ધોરણે માત્ર ગાંધીનગર સંસદીય મત વિભાગમાં એક વિશેષ સિસ્ટમ અમલમાં મુકવામાં આવી છે. પક્ષ અને ઉમેદવારોના ખર્ચ અને આચાર સંહિતા ભંગ થતી હોય તેવી બાબતો પર બાજ નજર રાખવા માટે ચૂંટણી પંચના પોર્ટલ પર ઓન લાઈન ખાસ સિસ્ટમ ઉભી કરવામાં આવી છે. આ ઓન લાઈન સિસ્ટમ -યોગિક ધોરણે સમગ્ર ગુજરાત રાજયમાં ગાંધીનગર જિલ્લાના મતદાર વિસ્તારમાં અમલી બનાવવામાં આવી છે.

આ સિસ્ટમ થકી ફ્લાઈંગ સ્કવોર્ડ, વિડિયો સર્વેલન્સ ટીમ અને સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા ખર્ચ બાબતની અને આચાર સંહિતા ભંગ અંગેની કોઈ વાત ધ્યાને આવે તો તેવા કિસ્સામાં જરૂરી કાર્યાવાહી-ખાતરી કર્યા બાદ તે વિગત જિલ્લા ચૂંટણી અધિકારી સાથે પરામર્શ કરીને તેનો ફોટોગ્રાફ ઓન લાઈન ભારતના ચૂંટણી પંચને મોકલી આપવામાં આવશે. ઓન લાઈન મુકેલ કિલપિંગ થકી ચૂંટણી પંચ તુરત

(તસવીર : દિપક જાની)

● અનુસંધાન પાન-૭ પર

'આપ'ના વધુ ચાર ઉમેદવારો

અમદાવાદ, તા.૦૫

આજે આમ આદમી પાર્ટીએ આગામી લોકસભાની ચૂંટણીઓ માટે પોતાના ઉમેદવારોની પંદરમી યાદી જાહેર કરી, જેમાં ગુજરાતના ચાર ઉમેદવાર (૧) દિનેશ વાઘેલા (અમદાવાદ પૂર્વ), (૨) રવજીભાઈ પરમાર (આણંદ), (૩) પીયુષકુમાર પરમાર (પંચમહાલ), (૪) મનસુખભાઈ ધોકાઈ (પોરબંદર)નો સમાવેશ થયો છે. આ સાથે, ગુજરાતની કુલ પચ્ચીસ બેઠકો ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવારો જાહેર થઈ ગયા છે. આજે જાહેર કરેલ ચારેય ઉમેદવારો જાહેર જીવનમાં સ્વચ્છ છબી ધરાવેછે અને તેમના જનસેવાલક્ષી કામો માટે જાણીતા છે. આમ આદમી પાર્ટીના મુખ્ય ધ્યેય, કે લોકવિરોધી રાજકારણીઓને સંસદમાં જતા રોકવા, માટેની નિષ્ઠા આમ આદમી પાર્ટીના ઉમેદવારોની પસંદગીથી છતી થયા છે. અમદાવાદ પૂર્વ બેઠક ઉપરથી પરેશ રાવલ સામે આમ આદમી પાર્ટીએ એક મજબુત ઉમેદવાર દિનેશ વાઘેલાને પસંદ કર્યા છે. દિનેશ વાઘેલા આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારીણીના સભ્ય અને ગોવા અને ગુજરાતના પ્રભારી પણ છે. આ સાથે આમ આદમી પાર્ટીએ વિધાનસભાની બાકી રહેલ એક બેઠક ઉપર પણ અંબાવી રામજી ગામીનું નામ જાહેર કરેલ છે.

જોઈએ છે
કાર માટે ડ્રાઈવર જોઈએ છે
ગાંધીનગર માટે
મો.: ૯૮૭૯૬ ૮૧૦૧૯

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES

લીકેજ-મુક્ત ઘરો માટે
Ultratech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing the champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૬૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com